3. "દીવા સ્વપ્ન " પુસ્તકમાંથી લીધેલ નીચેનો ફકરો વાંચી આપેલ પ્રશ્નની ચર્ચા કરો.

*હું હવે ભૂગોળ શીખવવાનો વિચાર કરવા લાગ્યો. ભૂગોળનું પાઠ્ય પુસ્તક જોઈ તેને નીરસથી બાજુએ મુક્યું. અભ્યાસક્રમ વાંચીને મનને માથું લાગ્યું. શા માટે છોકરાઓને આ નદીઓ અને પર્વતોનાં નામો કરાવવાં? મને ક્યા એ બધું યાદ છે? ગઈ કાલે વિદ્યાધિકારી સાહેબ પણ નકશામાં જોઈ ઓસ્ટ્રેલીયાનો રસ્તો શોધતા હતા.નાનપણમાં મોઢે કરેલી ભૂગોળ કોને યાદ રહે છે? મને પોતાને ખરી ભૂગોળ આફ્રિકા ગયો ત્યારે સમજાઈ. ત્યાર પછીથી ભૌગોલિક આંખ ઉઘડી.*

પ્રશ્ન: " પ્રવર્તમાન સમયમાં કયા કયા શિક્ષણ વ્યવહારો તમને નિરર્થક જણાય છે? અભ્યાસક્રમની માહિતી અને જીવન વચ્ચે જોડાણ સાધવા શિક્ષક તરીકે તમે શું કરશો? તમારા મંતવ્યો સઉદાહરણ ચર્ચો.

પ્રશ્ન: ૩ નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તરો આપો. ૦૭

૧ તમારા વિદ્યાર્થીઓમાં ચિંતનનો વિકાસ કરવા તમે કઈ કઈ પ્રવિધિ અપનાવશો? ઉદાહરણ સહ સમજાવો.

૨ ડૉ. એચ.રોબિન્સનની 'વાચનની પ્રતિકૃતિ ' (Model of Reading ) આકૃતિસહ સમજાવો.

પ્રશ્ન: ૪ નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તરો આપો. ૧૦

૧ "ત્રીજું મોજું " પુસ્તકમાંથી ઉદ્ધૃત નીચેનો અંશ વાંચી પ્રશ્નનો ઉત્તર આપો.

*[આપણને કેવો સમાજ જોઈએ] તેનો નિર્ણય પહેલાં કરવો જોઈએ અને પછી તે સમાજને માફકસર હોય તેવી ટેકનોલોજી અપનાવવી ઘટે. ટેકનોલોજી માણસના માથે ન ચઢી બેસે, પરંતુ માણસ તેને પોતાની જરૂરિયાત મુજબ પલાણી શકે, એમ થવું જોઈએ. માણસને પોતાના ઘરબારથી વિછિન્ન કરતી, યંત્રવત બનાવી મૂકતી, બજારના આશરે મૂકી દેતી ટેકનોલોજીનથી ખપતી. પ્રદૃષીકરણ કરતી ટેકનોલૉજી નથી ખપતી.નવી સંસ્કૃતિમાં ટેકનોલોજીનું માનવીય સ્વરૂપ વિકસાવવાનું છે.*

પ્રશ્ન : "પ્રવર્તમાન વિશ્વ ઝંખે છે ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ, નહી કે યાંત્રિક સાધનોની ભરમાર"- તમે આ વિધાન સાથે સહમત છો? તમારૂં મંતવ્ય ઉદાહરણ સહ ચર્ચો.